છુટક નકલ રૂા. ૫=૦૦ (Posted & Published on 5th day of Each Month) દર મહિનાની '૫' તારીખે પ્રકાશિત

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન 1 નવેમ્બર - ૨૦૧૭

R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2015-17 Valid up to 31-12-2017

' ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદિવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ '



# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

સી/૮, પ્રાર્થના ફ્લેટ, અંકુર સ્કુલ સામે, ફતેહનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

www. valamsamaj.org • username : vastibook • password : valamsamaj



આદ્યસ્થાપક

**શ્રી જશવંતભાઈ એફ. વ્યાસ**
પ્રમુખ, મો. ૮૧૨૮૫૩૩૯૫૪

**શ્રી મહેન્દ્રભાઈ બી. મહેતા**
ઉપપ્રમુખ, મો. ૯૮૭૯૮૦૯૮૭૭

**શ્રી ભાર્ગવભાઈ જે. જોષી**
મંત્રી, મો. ૯૪૨૬૩૬૭૦૧૯

## તંત્રી સ્થાનેથી ......

વ્હાલા જ્ઞાતિબંધુઓ, મિત્રો, વડીલો

આપણે બધા સંશયવાદ અને આધ્યાત્મિક અવઢમાં ફસાયેલા છીએ. આપણે શંકાઓ અને બાહ્ય તથા આંતરિક સમસ્યાઓથી ઘેરાયેલા છીએ. આથી આપણે સતત માનસિક તાણમાં આવી જઈને આપણા પોતાના માનસિક ખ્યાલોની ઈમારતોને રચવા અને તોડવાને બદલે સર્વશકિતમાન પરમેશ્વર સમક્ષ ઘુંટણીએ પડીને પ્રાર્થના કરવી જોઈએ. જો આપણે આપણું મન શાંત અને ખાલી રાખીશું તો ભગવાનના રસ્તા આપણી સમક્ષ આપોઆપ ખુલી જશે. પરમેશ્વરની ઈચ્છા જાણવાનો સૌથી સરળ ઉપાય, કારીગર બનવાનો નહીં પણ ભગવાનના સાધન બનવાનો છે. જો આપણે ભગવાનની યોજના પાર પાડવાનું માત્ર સાધન બનીશું તો પરમેશ્વરની ઈચ્છા આપણામાં અને આપણા દ્વારા સક્રિય બનવાનું શરુ કરી દેશે.

તમને કેવી રીતે ખબર પડશે કે તમે ભગવાનની ઈચ્છાને પૂર્ણ કરી રહ્યા છો કે પછી તમારા અહમ્ ને સંતોષી રહ્યા છો ? જો તમે તમારા અહમ્ ની માંગણી મુજબ કામ કરતા હશો તો તમારામાં અભિમાન છલકતું હશે. જ્યારે અહમ્ સંતોષાય છે ત્યારે હંમેશા ગુરુતાગ્રંથીની લાગણી અનુભવાય છે. પરંતુ તમે જયારે ભગવાનની ઈચ્છાનો અમલ કરી રહ્યા હશો ત્યારે ગુરુતાગ્રંથી કે લઘુતાગ્રંથીનો પ્રશ્ન જ ઉપસ્થિત નહીં થાય. એ સમયે તમે માત્ર તમારું એકત્વ અનુભવશો. તમને અનુભવ થશે કે ભગવાને તમારી નિમણૂંક કરી છે અથવા ભગવાને તમને તેની પસંદગીના સાધન બનાવ્યા છે અને તમારી અંદર અને તમારી મારફતે ભગવાન જ કાર્ય કરી રહ્યા છે. તમને શું પ્રાપ્ત થયું તે મહત્ત્વનું નહીં હોય, તમે જે પ્રાપ્ત કર્યું તે ગમે તેટલું ભવ્ય, સવિશેષ અથવા તો અસામાન્ય હશે તો પણ તમારામાં વ્યકિતગત અભિમાનની કોઈ લાગણી નહીં હોય.

પ્રમુખ સ્વામીજી અને પરમ આદરણીય સંત શિરોમણી શ્રી પુનિત મહારાજ જેવા સંતોના સાનિધ્યમાં આવ્યા પછી આપણને ખ્યાલ આવશે કે કઈ રીતે કોઈ વ્યકિતની પવિત્ર વર્તણુંકમાં અન્યોનું પરિવર્તન કરી દેવાની તાકાત રહેલી છે. એક પવિત્ર વર્તણુંક દ્વારા અન્યમાં શકિતના હસ્તાંતરણનો અનુભવ થાય છે. તેઓ ક્યારેય પણ હુકમ નથી આપતા, આદેશ નથી કરતાં કે સમજાવટ નથી કરતાં. તેમના લાખ્ખો ભકતો અને શુભેચ્છકો તેમની વાતને અનુસરે છે. સુર્યનો ઉદય થયો તેવું માનીએ છીએ તે એટલા માટે નહીં કે તેને આપણે નિહાળ્યો છે, પરંતુ એટલા માટે માનીએ છીએ કે આપણને સુર્યોદયના કારણે બધું દેખાવા લાગે છે.

- નરહરિ વ્યાસ

-: તંત્રી :-
શ્રી નરહરિપ્રસાદ ત્રિ.વ્યાસ
-: સહતંત્રીઓ :-
શ્રી સંદીપકુમાર આર.જોષી
મો. ૯૪૨૮૪ ૮૬૭૫૨
શ્રી જયેશભાઈ કે. ઉપાધ્યાય
મો. ૯૪૨૬૩ ૯૯૦૧૯
શ્રી કમલેશભાઈ કે. જોષી
મો. ૯૪૨૬૫ ૪૧૬૮૬
શ્રી ગીરીશભાઈ ડી. પંડ્યા
મો. ૭૨૧૧૧ ૪૮૪૮૪
-: ટ્રસ્ટી મંડળ :-
શ્રી દિલીપકુમાર કે. જોષી
મો. ૯૯૦૯૯ ૬૨૦૨૬
શ્રી સુધાકરભાઈ કે. ભટ્ટ
મો. ૯૩૨૭૦ ૦૨૧૦૫
શ્રી નિરંજનભાઈ એસ. ઉપાધ્યાય
મો. ૯૪૨૮૨૦૨૩૯૩
શ્રી રજનીકાંત રતિલાલ પંડ્યા
મો. ૯૮૭૯૧૮૯૫૭૦
શ્રી સુધીરભાઈ એસ. મહેતા
મો. ૯૩૨૭૭૭૯૧૫૧
-: કાર્યાલય મંત્રી :-
કૌશિકભાઈ આચાર્ય
મો. ૯૪૨૮૪૦૫૦૩૨

અંક -૧૧ વર્ષ - ૬૯
માસ : કારતક-માગશર
સંવત - ૨૦૭૪
તા. ૫-૧૧-૨૦૧૭
વાર્ષિક લવાજમ ફી રૂા.૫૦
છુટક નકલ રૂા. ૫=૦૦

# પ્રમાણિકતાનો પૂર્ણાવતાર : સ્વ. જીતેન્દ્રભાઈ એમ. ભટ્ટ



એક દિવસ કોઈએ જિંદગીને પૂછ્યું, 'તું આટલી બધી સંકુલ, મુશ્કેલ અને જટીલ કેમ છે ?' ત્યારે જિંદગીએ હસતા હસતા કહ્યું, 'તમને લોકોને સરળ અને સહજની કદર જ ક્યાં છે ?'

જ્યાં સરળતા અને સહજતા છે, ત્યાં જ જિંદગીનું સાચું અને સાત્વિક સૌંદર્ય પ્રગટતું હોય છે. સ્વ. જીતુભાઈનું સમગ્ર જીવન એકંદર સરળ અને સહજ હતું અને એટલે જ એમના સ્મિતમાં, એમની આંખોમાં, એમની વાણીમાં, એમના વિચારોમાં અને પૂરા જીવન વ્યવહારમાં જિંદગીના સાત્વિક સૌંદર્યનું દર્શન એમના પરિચયમાં આવનારને થતું હતું. દુનિયામાં બહુ જ ઓછા માણસો એવા હોય છે જેઓ અંદરથી અને બહારથી એકરૂપ, એકરસ અને એકમત હોય છે. બહુ જ અઘરું છે ભીતરની દુનિયા અને બહારથી વહેવારિક દુનિયામાં એકરૂપતા કે સમરસતાનું બેલેન્સ જાળવી રાખવાનું ! જીતુભાઈએ આ અઘરી લાગતી વાતને સાવ સરળ અને સહજ બનાવી દીધી હતી.

જીતુભાઈનો જન્મ તા. ૧૩-૬-૧૯૪૯ના રોજ ધંધુકા મુકામે થયેલ. એમના પિતાશ્રીનું નામ પ્રભાશંકરભાઈ માણેકલાલ ભટ્ટ અને માતાશ્રીનું નામ સાવિત્રીબેન શિવશંકર આચાર્ય હતું. જન્મથી જ કુળવાન માતા-પિતા તરફથી મળેલા સાંસ્કારિત વારસાને જીતુભાઈએ પોતાની જિંદગીના અંતિમ શ્વાસ સુધી પચાવી જાણ્યો અને જાળવી જાણ્યો. સંસ્કાર, સભ્યતા, ચારિત્ર્ય, સંસ્કૃતિ અને ખાનદાનીએ કાંઈ શ્રીમંતોની મોનોપોલી નથી, કે નથી એ આજના કહેલાતા એવા 'સો-કોલ્ડ સોફિસ્ટિકેટેડ લોકોની ! આ પાંચ સાત્વિક ગુણોતો માણસને ત્યારે જ વારસામાં મળતા હોય છે કે એણે ગત જન્મમાં કંઈક સત્કર્મો કર્યા હોય અને આ જન્મમાં પોતાના સાહજિક સ્વભાવથી અને નિષ્કપટ તેમજ બાળસહજ નિર્દોષતાથી એ કર્મોનું જતન કર્યું હોય !

૧૯૬૯માં તલાટી તરીકેની સરકારી નોકરી શરુ કરીને જીતુભાઈએ પોતાના પારિવારિક જીવનનો શુભારંભ કર્યો. શરુઆતમાં ધંધુકાક્ષેત્રે અને કાર્યકાળના છેલ્લા વર્ષોમાં એમણે બોટાદક્ષેત્રે પોતાની નોકરીને એક જણસની જેમ, એક અમૂલ્ય વરદાનની જેમ જાળવી રાખી. સરકારી નોકરી હોવા છતાં એમના જીવનકોષમાં લોભ, લાલચ કે અનધિકૃત મેળવી લેવાની વૃત્તિ-પ્રવૃત્તિને એમણે સહેજ પણ સ્થાન નહોતું આપ્યું. ૧૯૬૯થી શરુ કરેલી આ સરકારી નોકરીમાંથી તેઓ ૩૦-૬-૨૦૦૯માં નિવૃત્ત થયા. ત્યાં સુધી એમણે પોતાની નોકરીને નિષ્કલંક અને આવકના સ્તોત્રને એકંદર નિર્મળ રાખવામાં ખૂબ જ જાગૃતિ રાખી હતી. ઘરમાં લક્ષ્મીનો પ્રવેશ થાય, નહીં કે પૈસાનો - એવું એ માનતા! નિવૃત્તિ પછી પણ એમણે બોટાદમાં જ આવેલી પાંજરાપોળની સેવા કરવાનું - નગણ્ય કહી શકાય એવા નહીં જેવા માનદ્ વેતનથી શરુ કરેલું જેને છેલ્લા શ્વાસ સુધી એમણે સંભાળ્યું.

જીતુભાઈ સાચા અને પારદર્શક કર્મયોગી હતા. કર્મ કરતાં રહેવું એ એમની મનગમતી પ્રવૃત્તિ હતી. આવા મનગમતા કલ્યાણકારી કામમાં રોકાયેલાઓ માટે શ્રીકૃષ્ણે ભગવદ્ગીતામાં કહ્યું છે, 'ન હિ કલ્યાણકૃત કશ્ચિત દુર્ગતિં તાત ગચ્છતિ' એટલે કે જેણે કલ્યાણમાર્ગનો કર્મયોગ અપનાવ્યો છે એની કોઈ જ કાળે દુર્ગતિ થતી નથી. જીતુભાઈએ પોતોના ગુરુ પૂજ્ય લાભુદાદાના જીવનામૃત જેવા પ્રવચનોની નોંધરૂપ લગભગ એક હજાર જેટલા પાના માત્ર લખ્યા જ નથી, જીવનમાં ઉતાર્યા પણ છે. આધ્યાત્મિક્તાનું અજવાળું એમના હસતા ચહેરા પર છલકાઈ રહેતું. પોતાના ગુરુભાઈ શ્રી વસંતભાઈને એ પોતાના સગાભાઈ કરતાંય વિશેષ માનતા. આપણને તો પ્રેમ કરવાનું મન થાય, પણ ખુદ ભગવાનને પણ પ્રેમ કરવાનું મન થાય, એવું એમનું પ્રેમાળ અને પવિત્ર જીવન !

માણસમાં નૈતિક્તા, પ્રમાણિકતા અને આધ્યાત્મિક્તાનો ત્રિવેણી સંગમ રચાય છે ત્યારે એમાં પ્રયાગતિર્થની પવિત્રતા પ્રગટે છે. કેટલાક લોકો માને છે કે સરકારી નોકરી અને પ્રમાણિક્તા કે ઈમાનદારી વચ્ચે મેળ નથી જળવાતો, પણ જેઓ જીતુભાઈના સંપર્કમાં - સંસર્ગમાં આવ્યા હશે એમને ખબર હશે કે આ માન્યતાને જીતુભાઈએ ખોટી પાડી દીધી છે. લાંચ-રૂશ્વત અને કાવાદાવાના કાદવ વચ્ચે રહીનેય પોતાની જાતને જલકમલવત્ કમળની જેમ નિર્લેપ અને સાવ કોરી રાખવી. સાવ નિષ્કલંક રાખવી એ તલવારની ધાર પર હસતું મોં રાખીને ચાલવા જેટલું કપરું છે.

જીતુભાઈએ પણ પ્રમાણિકતાથી નોકરી કરી, કદાચ એટલે જ એ 'ઘર'માં રહેતા'તા, બંગલામાં નહીં ! પરિવારમાં એમના ધર્મપત્ની મધુબેન, પુત્ર કપિલભાઈ, પુત્રીઓ મેનાબેન, સંધ્યાબેન, ટીનાબેન અને ગાર્ગીબેન તેમજ સવાઈ દીકરી જેવી પુત્રવધુ જ્યોતિબેન અને પૌત્ર જયમિનભાઈને પોતાના સંસારિક વારસો આપી જતા જીતુભાઈને ભાવવંદના સાથે શ્રદ્ધાંજલિ.

નોંધ : સ્વ. જીતુભાઈ મારા માત્ર વેવાઈ જ નહોતા, અદકેરા મિત્ર હતા.

- હર્ષદ પંડ્યા (શબ્દપ્રિત), અમદાવાદ

## મહામંડળને મળેલ ભેટ

૨૫૧ શ્રી નવનીતરાય પી. વ્યાસ, રાજકોટ, વા.વ. સહાય, ચિ. પુત્ર જય એન. વ્યાસ, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, જામનગર ખાતે ફિલ્ડ એકઝીક્યુટીવ ટ્રેઈનીના હોદ્દા માટે પસંદ થતાં, ૧૬૦૧૮

૨૦૦૦ શ્રી રાજેશભાઈ ભાઈલાલભાઈ ગોર, યુએસએ, ફોરેન પોસ્ટલ ચાર્જ માટે, હ. જશવંતભાઈ વ્યાસ, ૧૬૦૧૯

૫૦૦૦ શ્રી નરેન્દ્રભાઈ ગુણવંતભાઈ મહેતા, અમદાવાદ, કુળદેવી વલ્લભીપુર હવન નિમીત્તે ભેટ, ૧૬૦૨૦

૨૫૧ શ્રી દિપકભાઈ દિનકરરાય પાઠક, શિહોર, પ્રમુખશ્રીની અપીલ અનુસંધાને વધારાની આજીવન સભ્ય ફી, ધંધુકા ક્ષેત્ર, ૧૬૦૨૧

૪૦૦ શ્રી રજનીકાંત આર. પંડ્યા, ગોંડલ, પુનિત સ્મારક નિધી, નિત્યદાન યોજના, સોરઠ ક્ષેત્ર, ૧૬૦૨૨

૪૦૦ શ્રી પ્રવિણભાઈ એચ. પંડ્યા, ગોંડલ, પુનિત સ્મારક નિધી, નિત્યદાન યોજના, સોરઠ ક્ષેત્ર, ૧૬૦૨૩

૪૦૦ શ્રી વિજયભાઈ કે. ઉપાધ્યાય, ગોંડલ, પુનિત સ્મારક નિધી, નિત્યદાન યોજના, સોરઠ ક્ષેત્ર, ૧૬૦૨૪

૫૦૦ શ્રી ભાવેશભાઈ હરસુખભાઈ વ્યાસ, ગોંડલ, આજીવન સભ્ય ફી, સોરઠ ક્ષેત્ર, ૧૬૦૨૫

૫૦૦ શ્રી પંકજભાઈ રસીકભાઈ જોષી, ભાવનગર, પુનિત સ્મારક નિધી, નિત્યદાન યોજના, ૧૬૦૨૬

૫૦૦ શ્રીમતી ધરાબેન ભાવેશભાઈ વ્યાસ, ગોંડલ, આજીવન સભ્ય ફી, સોરઠ ક્ષેત્ર, ૧૬૦૨૭

૫૦૦ શ્રી રાજેન્દ્ર વ્રજલાલ વ્યાસ, ભાવનગર, પુનિત સ્મારક નિધી, નિત્યદાન યોજના, ૧૬૦૨૮

૫૦૧ શ્રી હર્ષદભાઈ જીવાભાઈ ભટ્ટ, અમદાવાદ, આજીવન સભ્ય, ચાર જથ્થા, ૧૬૦૨૯

૩૬૫ શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ, બોપલ, અમદાવાદ, પુનિત સ્મારક નિધી, નિત્ય દાન યોજના, ૧૬૦૩૦

૩૬૫ શ્રી ચિરંજીતભાઈ પી. વ્યાસ, બોપલ, નિત્યદાન યોજના, પુનિત સ્મારક નિધી, ૧૬૦૩૧

૩૬૫ શ્રીમતી ફાલ્ગુનીબેન બૈજુભાઈ મહેતા, અમદાવાદ, નિત્યદાન યોજના, શ્રી પુનિત સમારક નિધી, ૧૬૦૩૨

૩૬૫ શ્રી જોગેન જનકભાઈ જોષી, ગાંધીનગર, પુનિત સ્મારક નિધી, નિત્યદાન યોજના, ૧૬૦૩૩

૧૫૦ શ્રીમતી ભાવનાબેન જયેન્દ્રભાઈ અધ્વર્યુ, વેરાવળ, વા.વ. સહાય, ૧૬૦૩૪

૨૦૦ શ્રી હર્ષદભાઈ દેવશંકરભાઈ અધ્વર્યુ, જુનાગઢ (૧૦૦ - કુળદેવી + ૧૦૦ વા.વ. સહાય) ૧૬૦૩૫

૧૫૦ સોનલબેન ભાર્ગવભાઈ આચાર્ય, લંડન, વા.વ.સહાય, ૧૬૦૩૬

૩૭૫૦ શ્રી ચિરંજીતભાઈ પી. વ્યાસ, બોપલ, અમદાવાદ, (૫૦૦ વા.વ. સહાય + ૨૫૦ આજીવન સભ્ય ફીના વધારાની રકમ + ૩૦૦૦ સાંઈ ફાઈનાન્સીયલ સર્વીસ પટ્ટી જાહેરાતના) ૧૬૦૩૭

૧૦૦૦ શ્રીમતી મંજુલાબેન રવિશંકર મહેતા, છલાળા, હ.નિલેશભાઈ મહેતા, (૫૦૦- વા.વ.સહાય, ૫૦૦ પુનિત સ્મારક નિધી, નિત્યદાન યોજના) ૧૬૦૩૮

૫૦૧ શ્રી ચિરાગભાઈ વિષ્ણુભાઈ ભટ્ટ, ભાવનગર, કુળદેવી વાઘેશ્વરી હવન નિમિત્તે, ૧૬૦૩૯

૧૦૧ શ્રી કિરણભાઈ કે. પંડ્યા, રાજકોટ, કુળદેવી ફંડ, ૧૬૦૪૦

૩૬૫ શ્રી અશ્વિનભાઈ રામકૃષ્ણ ઉપાધ્યાય, અમદાવાદ, શ્રી પુનિત સ્મારક નિધી, નિત્યદાન યોજના, ધંધુકા ક્ષેત્ર, ૧૬૦૪૧

૧૫૦૦ શ્રી જયકૃષ્ણ હરગોવિંદદાસ અધ્વર્યુ, અમદાવાદ, (૫૦૦ કુળદેવી હવન, ૫૦૦ વા.વ. સહાય, ૫૦૦ પુનિત સ્મારક નિધી, નિત્યદાન યોજના, ધંધુકા ક્ષેત્ર), ૧૬૦૪૨

૨૦૦૦ શ્રી હર્ષદભાઈ જી. પંડ્યા, શબ્દપ્રિત, અમદાવાદ, વા.વ. સહાય, સ્વ. જીતેન્દ્ર માણેકલાલ ભટ્ટની શ્રદ્ધાંજલી મેટર, ૧ પાનું, ૧૬૦૪૩

૧૦૧ શ્રી પ્રવિણચંદ્ર દેવશંકર પુરોહિત, અમદાવાદ, વા.વ. સહાય, ૧૬૦૪૪

૧૦૧ શ્રી ભરતભાઈ પરમાનંદભાઈ પાઠક, અમદાવાદ, વા.વ. સહાય, ૧૬૦૪૫

૧૦૦ શ્રી ઉમેશ ગુણવંતરાય આચાર્ય, અમદાવાદ, વા.વ. સહાય, વય મર્યાદાએ નિવૃત્ત થવાથી, ૧૬૦૪૬

૧૦૦૦ શ્રી રમેશભાઈ ચિમનલાલ વ્યાસ, રાધનપુર, ૧૬૦૪૭, સ્વ. માતુશ્રી સવિતાબેન ચીમનલાલ વ્યાસ, તિથીદાન, આસો વદ ૯

૧૫૧ શ્રી મનસુખલાલ ટી. ઉપાધ્યાય, ૧૬૦૪૮, પૌત્ર ચિ. ચિતાંશુ આર. ઉપાધ્યાય, એમએસસીમાં પ્રથમ શ્રેણીમાં પાસ થવાથી

## તિથિદાન

**(કારતક વદ ૮ થી માગશર વદ ૮ ૨૦૭૪,**
**તા. ૧૧-૧૧-૧૭ થી ૧૦-૧૨-૧૭ સુધી)**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

**કારતક વદ ૮**
સ્વ. જયંતિલાલ વ્રજલાલ આચાર્ય
સ્વ. અંબાશંકર લલ્લુભાઈ દિક્ષીત
સ્વ. મિનેષ અંબાપ્રસાદ દિક્ષીત

**કારતક વદ ૯**
સ્વ. લલિતાબેન રતિલાલ ઉપાધ્યાય

**કારતક વદ ૧૧**
સ્વ. જશુબેન ભરતકુમાર અધ્વર્યુ
સ્વ. મધુસુદન વિશ્વનાથ પાઠક
સ્વ. લલીતાબેન ચિમનલાલ ઉપાધ્યાય
સ્વ. ગીરધરલાલ શામળદાસ ઉપાધ્યાય

**કારતક વદ ૧૨**
સ્વ. પુષ્પાબેન જયંતિશંકર ભટ્ટ
સ્વ. કુંજલતાબેન પ્રફુલચંદ્ર અધ્વર્યુ
સ્વ. જટાશંકર ગીરજાશંકર અધ્વર્યુ

**કારતક વદ ૧૩**
સ્વ. જીવીબા નર્મદાશંકર આચાર્ય
સ્વ. મુળીબા અંબાશંકર ઉપાધ્યાય

**કારતક વદ ૧૪**
સ્વ. ચિનુભાઈ માણેકલાલ પંડ્યા
સ્વ. માણેકલાલ ત્રિભોવનદાસ પંડ્યા
સ્વ. ગણપતિશંકર પુરુષોત્તમદાસ વ્યાસ

**કારતક વદ અમાસ**
સ્વ. શાંતાબેન મગનલાલ વ્યાસ

**માગશર સુદ ૧**
સ્વ. રામશંકર નથ્થુરામ વ્યાસ
સ્વ. મધુસુદન ચુનીલાલ પંડ્યા
સ્વ. મહેન્દ્રપ્રસાદ ગીરધારીલાલ શુકલ (જ્ઞાતિના ગોર)
સ્વ. મુકતાબેન જગન્નાથભાઈ ઉપાધ્યાય

**માગશર સુદ ૨**
સ્વ. ચંદ્રભાગાબેન જયંતિલાલ પુરોહિત
સ્વ. પ્રમોદભાઈ ગૌરીશંકર પંડ્યા

**માગશર સુદ ૩**
સ્વ.નંદનબેન જમનાદાસ દિક્ષીત
સ્વ. ધનગૌરીબેન પ્રતાપરાય દિક્ષીત
સ્વ. ફુલબાઈ પ્રાણશંકર જોષી
સ્વ. માણેકલાલ કામેશ્વર મહેતા
સ્વ. લાભશંકર મગનલાલ વ્યાસ

**માગશર સુદ ૪**
સ્વ. જયાશંકર રવિશંકર ભટ્ટ
સ્વ. રેવાબેન મણીશંકર આચાર્ય

સ્વ. ભાસ્કરભાઈ પોપટલાલ ઠાકર
સ્વ. ડાહ્યાલાલ (પ્રસાદભાઈ) હરિલાલ આચાર્ય

**માગશર સુદ ૫**
સ્વ. જયંતિલાલ ઈશ્વરલાલ જોષી

**માગશર સુદ ૬**
સ્વ. તરલીકાબેન મુકુંદભાઈ ભટ્ટ
સ્વ. નરેન્દ્રકુમાર હિંમતલાલ પુરોહિત
સ્વ. લલીતાબેન રવિશંકર ઉપાધ્યાય

**માગશર સુદ ૭**
સ્વ. નરહરિભાઈ ફુલાશંકર વ્યાસ
સ્વ. વિદ્યાબેન કાંતિલાલ મહેતા

**માગશર સુદ ૮**
સ્વ. રમણલાલ અંબાલાલ પંડ્યા

**માગશર સુદ ૯**
સ્વ. વિમળાબેન નર્મદાશંકર ભટ્ટ
સ્વ. નટવરલાલ દેવરામ આચાર્ય
સ્વ. શિવલક્ષ્મીબેન નટવરલાલ આચાર્ય
સ્વ. ગીરજાશંકર જટાશંકર વ્યાસ
સ્વ. અજવાળીબેન હરિલાલ આચાર્ય
સ્વ. મહેન્દ્રકુમાર જેઠાલાલ પુરોહિત
સ્વ. ભરતકુમાર કાંતિલાલ ઉપાધ્યાય
સ્વ. અજયકુમાર પ્રમોદરાય વ્યાસ

**માગસર સુદ ૧૦**
સ્વ. જયાગૌરી જેશંકર ભટ્ટ
સ્વ. પ્રભાકરભાઈ ઓધવજી જોષી

**માગસર સુદ ૧૧**
સ્વ. ક્નૈયાલાલ દેવશંકર પુરોહિત
સ્વ. ગુણવંતરાય ભાઈશંકર ઉપાધ્યાય
સ્વ. કુંદનબેન રસીક્લાલ જોષી

**માગસર સુદ ૧૨**
સ્વ. રમેશચંદ્ર અંબાલાલ જોષી

**માગસર સુદ ૧૩**
સ્વ. મગનલાલ ત્રિભોવનદાસ ઠાકર
સ્વ. મનહરલાલ પ્રાણશંકર વ્યાસ

**માગસર સુદ ૧૪**
સ્વ. લલીતાબા ભાઈશંકર ભટ્ટ (સંત શ્રી પુનિત મહારાજના માતુશ્રી)
સ્વ. માણેક્લાલ કરૂણાશંકર આચાર્ય (શતાયુ)

**માગસર સુદ ૧૫**
સ્વ. ગોરધનભાઈ જેઠાલાલ વ્યાસ

**માગસર વદ ૧**
સ્વ. શશીકાંત નર્મદાશંકર આચાર્ય

**માગસર વદ ૨**
સ્વ. રમાબેન ગણપતિશંકર વ્યાસ
સ્વ. મંજુલાબેન રામકૃષ્ણ ભટ્ટ
સ્વ. નગીનરાય શંકરલાલ ભટ્ટ

**માગસર વદ ૩**
સ્વ. વિનોદચંદ્ર ધનેશ્વર મહેતા
સ્વ. મૂળશંકર ઉમિયાશંકર ભટ્ટ

**માગસર વદ ૪**
સ્વ. ગીરીશભાઈ ગૌરીશંકર પંડ્યા
સ્વ. વિદ્યાબેન હિંમતલાલ પંડ્યા
સ્વ. નાનાલાલ પુરુષોત્તમ વ્યાસ
સ્વ. મહેશ્વરી કૃષ્ણકાંત દિક્ષીત
સ્વ. શારદાબેન હરિલાલ ઉપાધ્યાય

**માગસર વદ ૫**
સ્વ. સરીતાબેન પ્રતાપરાય જોષી
સ્વ. રઘુરામ વાઘજીભાઈ ઉપાધ્યાય
સ્વ. નર્મદાશંકર ભવાનીશંકર આચાર્ય

**માગસર વદ ૭**
સ્વ. બિપીનચંદ્ર ચંદુલાલ ગોર
સ્વ. પ્રાણશંકર જેઠાભાઈ વ્યાસ
સ્વ. મંદાબેન ઉમાકાંત ઉપાધ્યાય
સ્વ. મધુકાંતાબેન ભાનુભાઈ દિક્ષીત

**માગસર વદ ૮**
સ્વ. ચંપાબેન મુળશંકર ઉપાધ્યાય
સ્વ. નિર્મળાબેન દિનકરરાય ભટ્ટ

**જન્મદિનની શુભેચ્છાઓ**

જીગરભાઈ અરવિંદભાઈ વ્યાસ - ૨૯/૧૧

કૌશિકભાઈ ગુણવંતરાય આચાર્ય, કાર્યાલય મંત્રી

## માહે ઓકટોબર-૨૦૧૭માં 'પુનિત સ્મારક નિધી' નિત્યદાન યોજનામાં જોડાયેલા સભ્યો

શ્રી રજનીકાંત આર. પંડ્યા, ગોંડલ. સોરઠ ક્ષેત્ર
શ્રી પ્રવિણભાઈ એચ. પંડ્યા, ગોંડલ, સોરઠ ક્ષેત્ર
શ્રી વિજયભાઈ કે. ઉપાધ્યાય, ગોંડલ, સોરઠ ક્ષેત્ર
શ્રી પંકજભાઈ રસીકભાઈ જોષી, ભાવનગર
શ્રી રાજેન્દ્રભાઈ વ્રજલાલ વ્યાસ, ભાવનગર
શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ, અમદાવાદ, સોરઠ ક્ષેત્ર
શ્રી ચીરંજીતભાઈ પી. વ્યાસ, અમદાવાદ, સોરઠ ક્ષેત્ર
શ્રીમતી ફાલ્ગુનીબેન બૈજુભાઈ મહેતા, અમદાવાદ, ધંધુકા ક્ષેત્ર
શ્રી જોગેન જનકભાઈ જોષી, ગાંધીનગર
શ્રીમતી મંજુલાબેન રવિશંકર મહેતા, છલાળા, ધંધુકા ક્ષેત્ર
શ્રી અશ્વિનભાઈ રામકૃષ્ણ ઉપાધ્યાય, અમદાવાદ, ધંધુકા ક્ષેત્ર
શ્રી જયકૃષ્ણ હરગોવિંદદાસ અધ્વર્યુ, અમદાવાદ, ધંધુકા ક્ષેત્ર

### વાલમ વર્તમાનમાં મેટરના દર

| | |
|---|---|
| શ્રધ્ધાંજલિ (૧/૨ પાનું) | રૂા. ૭૫૦/- |
| શ્રધ્ધાંજલિ (૧ પાનું) | રૂા. ૧૫૦૦/- |

વ્યક્તિગત મેટર ૧ પાનાના રૂા. ૨૦૦૦/- લેખે વધુમાં વધુ બે પાનાની મર્યાદામાં
પટ્ટી જાહેરાત - ૧૨ અંકના રૂા. ૩૦૦૦/-



## ૧૬મી પુણ્યતિથી નિમિત્તે હાર્દિક શ્રદ્ધાંજલિ

**સ્વ.અ.સૌ. સુશીલાગૌરી બળવંતરાય મહેતા, ગાંધીનગર**

**સ્વ. તા. ૧૫-૧૧-૨૦૦૨**

**જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃદ્ધ બનાવી**
**ચંદન જેવું જીવન જીવી, ગુલાબ જેવી મહેક આપી**
**એવા આશીર્વાદથી દિકરીનો સંસાર સુખમય બન્યો**

મહેતા રંજનબેન મનુભાઈ
મહેતા દિપકભાઈ મનુભાઈ

પંડ્યા નયનાબેન પ્રદ્યુમન
ભટ્ટ દક્ષાબેન પ્રવિણચંદ્ર
ઉપાધ્યાય ભારતીબેન બાલકૃષ્ણ
વ્યાસ હેમલતાબેન શૈલેષકુમાર
ભટ્ટ જયશ્રીબેન જનકકુમાર

વ્યાસ અલકાબેન શૈલેષકુમાર
વ્યાસ ઈલાબેન વિષ્ણુકુમાર
મહેતા પ્રજ્ઞાબેન અશ્વિનકુમાર
ભટ્ટ કલ્પનાબેન કિરીટકુમાર
ભટ્ટ જીજ્ઞાબેન ચિરાગકુમાર

મહેતા તેજસ દીપકકુમાર
મહેતા કૌશલ દીપકકુમાર

**સમસ્ત મહેતા પરિવાર**


શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ



**SAI FINANCIAL SERVICES**
**SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.**



401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (0) 079-40025207 (M) 98250 24877

## વાલમ બ્રાહ્મણ મિત્ર મંડળ આદિનાથનગર અહેવાલ

વાલમ બ્રાહ્મણ સંપર્કસેતુના સહયોગથી વાલમ બ્રાહ્મણ મિત્ર મંડળનો સ્નેહ મિલનનો કાર્યક્રમ તા. ૨૯-૧૦-૨૦૧૭ને રવિવારના રોજ શહીદ મંગલપાંડે હોલ, નિકોલ, અમદાવાદ ખાતે થયો હતો. વ્યકિતગત નિમંત્રણ પત્રિકા છપાવેલ નહોતી. બધાને મૌખિક જાણ કરેલ તેમજ સોશીયલ મીડીયા દ્વારા જાણ કરેલ હતી. આમ છતાં પ્રમાણમાં સારી એવી સંખ્યામાં જ્ઞાતિબંધુ ઉપસ્થિત હતા.

સમાજની ૨૨ નાની બાલિકાઓએ સંગીત અને નૃત્યના દરેકએ વ્યકિતગત કાર્યક્રમ રજુ કર્યો હતો. તેમાં ભાઈલાલભાઈ ભટ્ટની પાંચ વર્ષની પૌત્રી તેમજ વાલમ બ્રાહ્મણ મહામંડળની વેબસાઈટ બનાવનાર શ્રી ભાવેશભાઈની ૪ વર્ષની બાલિકાએ પણ તેમાં ભાગ લઈ પ્રેક્ષકોને પ્રભાવીત કરી દીધા હતા. નૃત્યમાં ભાગ લેવાવાળા પૈકી ૧ થી ૩ને મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવો મારફતે ઈનામ વિતરણ કરવામાં આવેલ. બાકીના બધા ને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન (એનાઉન્સર) દિવાન બલ્લુભાઈ હાઈસ્કુલમાં ૧૧મા ધોરણમાં ભણતી અને મહામંડળના કારોબારી સભ્યશ્રી નટવરલાલ ભટ્ટની પૌત્રી મૌલીહરેશભાઈ ભટ્ટએ કર્યું હતું. કોઈ ધંધાદારી વ્યકિત એનાઉન્સર તરીકે હોય તેટલું સરસ એનાઉન્સર તરીકે કામગીરી કરી હતી.

જેમ પરશુરામે ૨૧ વાર પૃથ્વી નક્ષત્રીય (આતતાઈ) કરી હતી તેમ શ્રી અશ્વિનભાઈ દિક્ષીતે ૨૧ વાર અલગ અલગ સ્થાનો પર જઈ યજ્ઞ કરી પૃથ્વીના વાયુમંડળને જંતુરહીત કરી તે માટે છોટે પરશુરામના બિરુદથી સન્માનીત કરી સન્માન પત્ર આપેલ હતું.

કાર્યક્રમ બાદ દરેકને હળવો નાસ્તો આપવામાં આવેલ હતો.

- નરહરિ વ્યાસ

## વિનંતી

અગાઉ ઓગષ્ટ, સપ્ટે-૧૭ ના વા.બ્રા.જ્ઞાતિ વર્તમાનના અંકમાં શૈક્ષણિક હેતુ તથા અન્ય હેતુ અંગેના ટ્રસ્ટોની વિગત બહાર પાડેલ હતી. પરંતુ શરતચૂકથી નીચેની ટ્રસ્ટની યાદીમાં પ્રસિદ્ધ કરવાના રહી ગયેલ તે બદલ ક્ષમા. -પ્રમુખ - મંત્રી - તંત્રી

**ખાસ મેડીકલ ટ્રસ્ટ :**

સ્વ. શ્રી તરલીકાબેન મુકુંદભાઈ ભટ્ટના સ્મરણાર્થે શ્રી મુકુંદભાઈ મણીશંકર ભટ્ટ પરિવાર ટ્રસ્ટ

૧. સ્વ.શ્રી તરલીકાબેન મુકુંદભાઈ ભટ્ટના સ્મરણાર્થે ૨૫૧૧૧/-

૨. મુકુંદભાઈ મણીશંકર ભટ્ટ ૨૦૦૦/-

જ્ઞાતિના આર્થિક રીતે નબળાબહેનને ૨૦૦૦/- કેન્સર જેવા અસાધ્ય રોગથી પિડાતા હોય તેને વ્યાજમાંથી મદદ કરવી.

મહામંડળના પ્રમુખને સત્તા આપેલી છે.



### ગઝલ : કૃષ્ણ શોધની

- શબ્દપ્રિત

સત્યમાં તું, તત્ત્વમાં તું, તું જ અસ્તિત્વમાં,
સ્વરમાં ઈશ્વર બની તું વિહરે શબ્દતત્ત્વમાં;
ખેલ તેં જબ્બર કર્યો છે, માનવેતર રૂપમાં,
શંખરૂપે શ્વાસમાં ગૂંજયા કરે નાદત્ત્વમાં;
મીરાં બસ સમજી શકી, તારી અનાગત ચાલને,
પંડિતો ભોંઠા પડી ગયા શાસ્ત્રના શાસ્ત્રત્વમાં;
આરતીમાં, પ્રાર્થનામાં મેં તને શોધ્યા કર્યો,
છેવટે તું હાથ લાગ્યો, મૌનના શૂન્યત્ત્વમાં;
ક્યાંક એવા છાંયડા શોધ્યા કરે એ પીપળો,
જે તને ભાળી ગયા'તા વૃક્ષના વૃક્ષત્વમાં;
'શબ્દપ્રીતે' હાથમાં બસ વાંસળી ઝાલી હવે,
આવશે મળવા તને એ વાંસના વાંસત્ત્વમાં.

**વાલમ વર્તમાન પરત આવેલ છે.**

કિરણભાઈ હરીશચંદ્ર ભટ્ટ, અમદાવાદ
જગદીશચંદ્ર ડાહ્યાલાલ ભટ્ટ, અમદાવાદ
ગીરીશભાઈ ડી. પંડ્યા, લખપત, કચ્છ
પ્રવિણચંદ્ર લાભશંકર ઉપાધ્યાય, ધોરાજી
શૈલેન શ્રીકાંતભાઈ જોષી, વાપી
જયેશ વાસુદેવ વ્યાસ, વાવોલ
ચંદ્રકાંત નરભેરામ જોષી, ધ્રાંગધ્રા
સતીષકુમાર કનૈયાલાલ પંડ્યા, સુરેન્દ્રનગર
પુષ્પાબેન ભાનુભાઈ શુકલ, વડોદરા
હેમેન્દ્ર હસમુખલાલ જોષી, જામનગર
રોહિતકુમાર દયાશંકર વ્યાસ, દહેગામ
ભાવેશ વિનયચંદ્ર મહેતા, કરમસદ
આશિષ અશોકભાઈ પુરોહિત, વિદ્યાનગર
રજનીકાંત હરીભાઈ પુરોહિત, આણંદ
અર્પિતકુમાર મહેશચંદ્ર પુરોહિત, મોગર
મુકેશ નરેન્દ્રભાઈ પંડ્યા, કરમસદ
ચિરાગ આર. મહેતા, કરમસદ
અનિલકુમાર બાલકૃષ્ણ વૈદ્ય, મોગર
ચંદ્રેશભાઈ એચ. ઉપાધ્યાય, કરમસદ
સુરેશચંદ્ર જયંતિલાલ પંડ્યા, નડિયાદ
ગૌરાંગ ગુલાબરાય જોષી, ગોંડલ
ડૉ. ગુલાબરાય રતિલાલ જોષી, ગોંડલ
દિનેશચંદ્ર કેશવલાલ ઉપાધ્યાય, ગોંડલ
વિરેન્દ્ર સુભાષભાઈ વ્યાસ, રાજકોટ
સુભાષચંદ્ર દોલતરામ વ્યાસ, રાજકોટ
કિશનભાઈ પ્રવિણભાઈ વ્યાસ, રાજકોટ
નયનકુમાર કાંતિલાલ પાણેરી, રાજકોટ
પ્રમોદભાઈ જે. જોષી, રાજકોટ
માધવ જીતેન્દ્રકુમાર પંડ્યા, રાજકોટ
ગૌરાંગ ઉમાકાંતભાઈ જોષી, મણીનગર
પ્રકાશભાઈ રતિલાલ જોષી, વાસણા, અમદાવાદ
માધુરીબેન દિનકરરાય પંડ્યા, અમદાવાદ
યોગેશભાઈ મહેન્દ્રપ્રસાદ શુકલ, રાયપુર, અમદાવાદ
ભરતભાઈ આર. જોષી, ઘાટકોપર, મુંબઈ
રાજ કિરીટભાઈ જોષી, વિરાર, મુંબઈ
હરીગંગાબેન એસ. પુરોહિત, ચેન્નાઈ
ભરતકુમાર પી. ભટ્ટ, અંધેરી, મુંબઈ
કંચનબેન એ. જોષી, દાદર, મુંબઈ
ધવલકુમાર બી. ભટ્ટ, મુંબઈ
શૈલેષકુમાર નટવરલાલ જોષી, બોરીવલી, મુંબઈ
નિશાબેન જયંતિશંકર ભટ્ટ, અંધેરી, મુંબઈ
રમાબેન ચંદુભાઈ ગોર, મુંબઈ
ભૌમિક મનોજભાઈ મહેતા, અમદાવાદ
મનોજ ભાનુપ્રસાદ વ્યાસ, વલ્લભવિદ્યાનગર
મનીષ એમ. વ્યાસ, બેંગાલુરુ
રાકેશ ગોવિંદભાઈ પુરોહિત, અમદાવાદ
બંકિમચંદ્ર પ્રવિણચંદ્ર પાઠક, અમદાવાદ

**ઉપરોકત સભ્યોના વાલમ વર્તમાન પરત આવતા હોઈ જે જ્ઞાતિબંધુઓ તેઓનું સરનામું જાણતા હોય તેમણે કાર્યાલય મંત્રીને ફોનથી જાણ કરવા વિનંતી છે અને વિગત વાલમ બ્રાહ્મણ મહામંડળ કાર્યાલય ઉપર મોકલી આપવા વિનંતી છે. મો. ૯૪૨૮૪૦૫૦૩૨**

- કૌશિક જી. આચાર્ય, કાર્યાલય મંત્રી


**આદ્યશક્તિ વેલ્યુઅર**

**હરેન્દ્ર વિ. ભટ્ટ** **મો. ૯૪૨૬૪ ૩૬૩૪૪, ૭૫૭૫૮૭૦૦૨૯**

બી.ઈ. (સિવિલ) (રીટા. ડે.એકઝી.એન્જી., સિંચાઈ ખાતું, ગુજરાત રાજ્ય) અનેગવર્નમેન્ટ રજીસ્ટર્ડ વેલ્યુઅર
યુનિયન કો.ઓ.બેંક નરોડા અને ટેક્સ્ટાઈલ ટ્રેડર્સ કો.ઓ. બેંક, મીઠાખળી બંને બેંકોના પેનલ વેલ્યુઅર

**૫, ત્રિલોક રો હાઉસીસ, પારમેશ્વર મહાદેવ તથા સ્વ.ભાસ્કરરાય પંડ્યા મ્યુ.કોમ્યુ. હોલ સામે, ચાણક્ય ટાવર સામે, ઓફ સંદેશ પ્રેસ રોડ, બોડકદેવ, અમદાવાદ-૫૪.**

બીનખેતીની જમીન તથા મકાન માટેના વેલ્યુએશન તથા સિવિલ બાંધકામને લગતી તમામ કામગીરી માટે સંપર્ક કરો.
**વાલમ બંધુઓને ખાસ કન્સેશન**

શુભેચ્છા સહ

**સેફ ગાર્ડ સીક્યોરીટી**

શ્રી ભવ્યાંગ હરિકૃષ્ણભાઈ મહેતા
૨૬/એ, ગોપાલકુંજ સોસાયટી, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
ફોન : ૨૫૪૬૨૩૭૨, મો. ૯૮૭૯૭૬૨૩૭૨

## વિનામૂલ્યે લગ્નવિષયક જાહેરાત

વાલમ વર્તમાનમાં દર માસે વિનામૂલ્યે લગ્નવિષયક જાહેરાત આપવામાં આવશે તો લગ્ન ઉત્સુક જ્ઞાતિજનોએ નીચેના કોલમ પ્રમાણે જ માહિતી મોકલવી. તે પ્રમાણે નહીં હોય તો તે માહિતી પ્રસિદ્ધ કરવામાં નહીં આવે. વિનામૂલ્યે આ યોજનાનો લાભ લેવા વિનંતી.

### લગ્ન ઉત્સુક યાદી

૧. રાજેશ ચંદ્રકાન્ત ભટ્ટ, સરનામું : મુ.મુળી, તાલુકો મુળી, જીલ્લો સુરેન્દ્રનગર, જન્મ તા. ૨૭-૯-૮૪, ઉંચાઈ ૫'૬", વજન ૬૦ કિ., અભ્યાસ : નોનમેટ્રીક, વેપાર તથા કર્મકાંડ, માંડવરાય મંદિરમાં વહીવટકર્તા, ૧ ભાઈ ૧ બહેન

૨. પિયુષ કે. વ્યાસ, ચાંદલોડીયા, અમદાવાદ, મો. ૯૯૦૪૫૬૮૨૫૦, જન્મ તા. ૨૯-૫-૮૫, જન્મ સ્થળ : દેકાવાડા, ઉંચાઈ ૫' ૭", અભ્યાસ ધો. ૧૦ પાસ, સર્વિસ : માસિક આવક રૂા. ૧૦૫૫૦/-, ૧ ભાઈ

૩. ચિરાગ કે. વ્યાસ, ચાંદલોડીયા, અમદાવાદ, મો. ૯૭૨૬૯૫૩૯૧૦, જન્મ તા. ૧૨-૫-૮૮, જન્મ સ્થળ : દેકાવાડા, ઉંચાઈ ૫'૬", અભ્યાસ ધો. ૧૦ પાસ, સર્વિસ માસિક આવક રૂા. ૧૦૦૦૦/-, ૧ ભાઈ

૪. ભટ્ટ ઉમંગ ભરતભાઈ (છનીયારવાળા), સરનામું : ૩૪, સ્નેહકુંજ સોસાયટી, ઈસનપુર, અમદાવાદ. મો. ૯૯૦૪૮૯૮૩૪૪, ૯૭૧૪૧૩૬૩૬૩, જન્મ તા. ૧૮-૧૦-૧૯૮૯, અભ્યાસ : એમ.એ. (સંસ્કૃત), વ્યવસાય : મેડીકલ સ્ટોર

૫. રચિત ગોપાલભાઈ પંડ્યા, સરનામું : ૧૫૧૨, કાશીબાની ખડકી, મામુનાયકની પોળ, કાલુપુર, અમદાવાદ-૧, મો. ૯૭૨૪૭૨૨૩૧૧, ૯૩૨૮૨૫૭૦૨૫, જન્મ તા. ૫-૭-૧૯૮૭, ઉંચાઈ ૫' ૧", ઈમીટેશન જ્વેલરીનો વ્યવસાય, વાર્ષિક આવક રૂા. ૯૬૦૦૦/-

૬. જીગ્નેશ જી. જોષી, સરનામું : ભાવના એચ. ઉપાધ્યાય, સહજાનંદનગર, બીલવાડી શેરી, તુલસી મકાન સામે, ગોંડલ, મો. ૯૪૨૮૦૬૧૪૬૦, જન્મ તા. ૧૭-૯-૧૯૮૩, ઉંચાઈ ૫' ૮", અભ્યાસ : બી.કોમ., એલ.એલ.બી., સર્વિસ - હીરોહોન્ડા શોરૂમ, માસિક આવક રૂા. ૭૫૦૦/-

૭. ભૌમિક દીપકભાઈ અધ્વર્યુ, સરનામું : પુનિત પોળ, બહુચરાજીના મંદિર પાસે, સરખેજ ગામ, જી. અમદાવાદ, મો. ૮૬૭૩૮૯૬૭૪૫, જન્મ તા. ૨૫-૯-૧૯૮૨, અભ્યાસ ધો. ૧૦, સર્વિસ માસિક આવક રૂા. ૫૦૦૦/-

૮. કિરણકુમાર ઉષાકાન્ત પંડ્યા, સરનામું : ઠે. ખારીકૂઈ પાસે, મુ.પો. તા. સાવલી, જિ. વડોદરા-૩૯૧૭૭૦. ફોન : ૦૨૬૬૭-૨૨૨૭૦૪, મો. ૯૭૨૩૩૭૯૫૩૮, જ.તા. ૩-૧૨-૧૯૯૦, જન્મ સ્થળ : નડીયાદ, ઉંચાઈ ૫' ૭", વજન ૬૦ કિ., ગોત્ર આત્રિ, અભ્યાસ : કેમી. એન્જી., સર્વિસ : જામનગર એસ્સાર, મા.આવક રૂા. ૩૫૦૦૦/-૧ ભાઈ

૯. જયદેવ દિવાનભાઈ ઠાકર, સરનામું : 'મારૂતિ' અક્ષરધામ સોસાયટી, શેરી નં. ૫, બ્લોક નં. ૬૪, મો. ૯૭૨૪૧૪૮૭૯૬, જન્મ તા. ૧૯-૧-૧૯૮૮, ગોત્ર કૌશિક, અભ્યાસ ધો. ૧૨ પાસ, કોલેજ ચાલુ, પ્રાઈવેટ જોબ, ૧ ભાઈ, ૧ બહેન અપરિણિત

૧૦. હિકેન ભરતભાઈ વ્યાસ, સરનામું : ૯૯૯૯, મુખ્ય બજાર, રામજી મંદિર પાસે, મુ. નવા નાવડા, તા. બરવાળા, જી. અમદાવાદ. સંપર્ક : ધીરુભાઈ એન. ભટ્ટ, મો. ૯૯૨૫૨૮૪૦૮૩, જન્મ તા. :૧૧-૫-૧૯૮૯, રાત્રે ૧૦.૪૫, સ્થળ : અમદાવાદ, ઉંચાઈ ૫'૫", વજન ૬૦ કિ., અભ્યાસ : એસ.એસ.સી., ધંધો કરિયાણાની દુકાન, વા.આ. ૨૫૦૦૦/-

૧૧. રાધિકા નરેશકુમાર જોષી, સરનામું : બી ૧/૧૬, સરકારી વસાહત, હિમાલય મો સામે, વસ્ત્રાપુર, અમદાવાદ. મો. ૯૪૨૭૨૧૪૮૫૨, જન્મ તા. ૮-૪-૮૫, રાત્રે ૦૦.૩૫, જન્મ સ્થળ : અમદાવાદ, ઉંચાઈ ૫'૨", વજન : ૬૦ કિ., અભ્યાસ : ડિપ્લોમા સીવીલ માસ્ટર ઈન પરફોર્મીંગ આર્ટસ, નોકરી - ગવર્નમેન્ટ સર્વન્ટ, ટાઉન પ્લાનીંગ, અમદાવાદ, પગાર ૧૩૫૦૦/-, ભાઈ ૧ નાનો, બહેન નથી.

૧૨. રક્ષિત પ્રકાશભાઈ પંડ્યા, સરનામું : રામજી મંદિર પાસે, તા. બરવાળા, (ઘેલાશાહ), જિ. અમદાવાદ-૩૮૨૪૪૫. ફોન : ૦૨૭૧૧-૨૩૭૧૦૪, જન્મ તા. ૨૮-૬-૮૫, સાંજે ૮-૨૫, ગોત્ર - અંગીરસ, ઉંચાઈ ૫'૦", વજન ૫૦ કિલો, વાન ઘઉંવર્ણ, કાલા-કપાસ-અનાજનો વેપાર, આવક વાર્ષિક ૨ લાખ રૂા., ૧ બહેન પરણિત

૧૩. અર્જુનભાઈ જયંતિભાઈ પુરોહિત, સરનામું : ૯, ગુજરાત હાઉસીંગ બોર્ડ, કલોલ રોડ, કડી-૩૮૨૭૧૫. મહેસાણા. મો. ૮૦૦૦૨૨૧૩૧૬, જન્મ તા. ૨-૪-૧૯૯૦, ગોત્ર કૌશિક, ઉંચાઈ ૬'૫'', વજન ૬૫ કિલો, અભ્યાસ : એમ.કોમ., સર્વિસઃ એકાઉન્ટ એન્ડ સેલ્સ ઓફિસર, પગાર માસિક રૂા. ૬૦૦૦/- ૧ બહેન પરણિત

૧૪. મિલિન્દ ભાનુપ્રસાદ ઉપાધ્યાય, સરનામું, ભાનુ સ્ટોર્સ, બુધવારી બજાર, સીઓની-૪૮૦૬૬૧ (મધ્યપ્રદેશ). મો. ૦૯૪૨૫૧૭૪૯૭૧, જન્મ તા. : ૨૨-૧૦-૮૧, ગોત્ર - આત્રી, ઉંચાઈ ૫'૧૦'', અભ્યાસ : બી.ઈ. (કોમ્પ.એન્ડ એન્જી.), એમ.બી.એ., ૨ બહેન પરણિત

૧૫. કુ. કુણાલી કિર્તીકુમાર પંડ્યા, જ.તા. ૦૮-૦૭-૧૯૯૪, જન્મ સમય : સવારે ૧૦ કલાકે, જન્મ સ્થળ : અમદાવાદ, ગોત્ર : કૃષ્નાર્થ, ઉંચાઈ ૫'૨'', વજન ૫૦ કિલો, અભ્યાસ એમ.કોમ. પાર્ટ ટુ, તથા સી.એ.નો અભ્યાસ ચાલુ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં નોકરી, બે નાના ભાઈ, સંપર્ક : ૯૪૨૯૯ ૦૫૪૦૦, સરનામું : ૧૦૨/૧૨૯૬, ઉદય એપાર્ટમેન્ટ, નારણપુરા ટેલીફોન એક્સચેન્જ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.

૧૬. શાસ્ત્રી સતિષકુમાર નરેન્દ્રપ્રસાદ વ્યાસ, જ.તા. ૭-૮-૧૯૯૦, ધો. ૧૨ પાસ, વ્યવસાય : શાસ્ત્રી (કર્મકાંડ), માસિક આવક રૂા. ૨૦૦૦૦/-. સરનામું : મુ.પો. ઉંછા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા, સંપર્ક : નરેન્દ્રકુમાર અંબાલાલ વ્યાસ, મો. ૯૭૨૪૬૩૨૪૫૩. ફોન : ૦૨૭૭૦-૨૩૦૦૬૭

૧૭. પંડ્યા દર્શન જીતેન્દ્રભાઈ, સરનામું : 'દર્શન', શાંતિનિકેતન રેસીડેન્સી, તિરુપતિ ટેનામેન્ટ-૨, આલાપ ગ્રીન સીટી પાસે, રૈયારોડ, રાજકોટ. મો. ૯૯૭૯૨૧૬૧૮૨, ૯૪૨૭૭૭૭૨૬૭, જ.તા. ૪-૧૦-૧૯૯૦, જ.સમય : ૫.૦૦ સવાર, જ.સ્થળ : શિહોર, ભાવનગર ગોત્રઃ અત્રી, અભ્યાસ : ધો. ૧૨, વ્યવસાય : બિલ્ડીંગ મટીરીયલ, આવક : માસિક રૂા. ૨૫૦૦૦/-

૧૮. ચિરાગ કૌશિકભાઈ વ્યાસ, સરનામું : એફ-૩૦૨, સાતત્ય એવન્યુ, આશ્રય પ્લેટીનાની સામે, ન્યુ રાણીપ, અમદાવાદ. જ.તા. ૧૨-૫-૧૯૮૮, અભ્યાસ : ધો. ૧૦ પાસ, ઉંચાઈ : ૫'૬'', વ્યવસાય સર્વિસ, પગાર : રૂા.૧૫૦૦૦/-

૧૯. સુમીત યોગેશભાઈ જોષી, સરનામું : યોગેશભાઈ દોલતરાય જોષી, 'તિર્થ' સુખનાથ પરા, શેરી નં. ૩, અમરેલી (સૌરાષ્ટ્ર), ફોન નં. (૦૨૭૯૨) ૨૩૧૭૯૯, મો. ૯૪૨૭૨૫૨૮૯૩, જ.તા. ૨૫-૩-૧૯૯૦, ગોત્ર : ભારદ્વાજ, અભ્યાસ : બી.ઈ., આઈ.ટી. (ઈન્ફોર્મેશન ટેક્નોલોજી), વ્યવસાય : લેકચરર (પોલીટેક્નીક કોલેજમાં), અપેક્ષીત વ્યકિત : બી.ઈ., એન્જીનિયરીંગ તથા અન્ય વિશેષ, બી.ઈ., આઈ.ટી., કોમ્પ્યુટર, એમ.સી.એ.

૨૦. ભદ્રેશ જગદીશચંદ્ર ભટ્ટ, સરનામું : સ્વામિનારાયણ મંદિર પાસે, પટેલ વાસ, નિકોલ ગામ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦. મો. ૯૪૨૭૦૭૦૧૧૧, જ.તા. ૩૦-૧૧-૧૯૮૨, જ.સમય : સવારે ૧૧.૩૦, ઉંચાઈ-૫'૭'', વજન ૬૫ કિ., ગોત્ર : ઉપમન્યુ, અભ્યાસઃ બી.કોમ., મલ્ટીમીડીયા, ધંધો : કોપીયર

૨૧. કુલીન રમેશચંદ્ર ઉપાધ્યાય, સરનામું : ન્યુ ઓમ ટાવર, બી-૫૦૩, નિત્યાનંદનગર, મીરા રોડ (ઈ), સેંટ પોલ સ્કૂલ સામે, મુંબઈ-૪૦૧૧૦૭. મો. ૯૮૩૩૧૧૫૭૬૮, ૭૭૧૦૧૧૧૫૬૭, ૯૪૨૬૬૧૬૧૮૮. જ.તા. ૨૪-૩-૧૯૮૦, જ.સમય : રાત્રે ૧૦.૩૦, જ.સ્થળ : રાજકોટ, ઉંચાઈ : ૫'૬'', ગોત્ર : કૌત્સ, નિર્દોષ ડિવોર્સી, નિઃસંતાન, અભ્યાસ : એમ.સી.એ., નોકરી : જે.પી. મોર્ગન કંપનીમાં સીનીયર સોફ્ટવેર ડેવલપર, વાર્ષિક આવક : ૧૮ લાખ પેકેજ, શની/મંગળ નથી.

૨૨. રાજ કમલેશભાઈ ઉપાધ્યાય, અભ્યાસ : બી.ઈ. ઈલેકટ્રીકલ એન્જીનીયર, જ.તા. : ૧૦-૧૦-૧૯૯૧, જ.સ્થળ : સિદ્ધપુર, પાટણ, ઉંચાઈ - ૫'૭'', વજન ૬૦ કિલો, ગોત્ર વચ્છસ, એક ભાઈ નાનો, માસિક પગાર-૨૦૦૦૦/- સરનામું : મ્યુ. શાળા નં.૨, ગીતા બાગ, એલીસબ્રીજ, પરીમલ અંડરબ્રિજ પાસે, એમદાવાદ.મો. ૯૪૨૮૭૩૦૮૯૭

# જ્ઞાતિ સમાચાર

## સેવા નિવૃત્તિ



શ્રી ઉમેશભાઈ ગુણવંતરાય આચાર્ય, ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો.ઓ. બેંકમાંથી ૩૫ વર્ષની નોકરી કરી વય નિવૃત્ત થયેલ છે. ૩૫ વર્ષ ના સમયગાળા દરમ્યાન તેઓએ ૧૨ વર્ષ સુધી ઓફિસર તરીકેની ફરજ બજાવેલ છે. તેઓ તા. ૩૧-૮-૨૦૧૭ના રોજ નિવૃત્ત થયેલ છે. શ્રી ઉમેશભાઈ આચાર્યને તેમનું નિવૃત્ત જીવન સુખમય, સ્વસ્થ અને સમાજને પ્રેરણાદાયી બને તેવી શુભેચ્છા.

## નવરાત્રિ ગરબા

તા. ૧-૧૦-૨૦૧૭ને રવિવારના રોજ રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન વાલમ હોલ, વડોદરા મુકામે ગરબાનું સુંદર આયોજન થયું હતું. ગરબામાં 'અભિરંગ' ગાયક વૃંદે સુંદર રમઝટ બોલાવી હતી. ગરબાના મુખ્ય સહયોગી દાતા શ્રીમતી હેતલબેન તથા દિલીપભાઈ શિવશંકર આચાર્ય હતા. આ ઉપરાંત સ્વ. ભાનુભાઈ પી. શુકલ, શ્રી જશવંતભાઈ એફ. વ્યાસ, શ્રીમતી શકુબેન બી. પુરોહિત, સ્વ. મનહરબાપા પી. ગોર તરફથી વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. સૌ દાતાઓનો ખૂબ ખૂબ આભાર. ગરબામાં સૌ જ્ઞાતિજનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. ગાયત્રી પરિવાર તરફથી સુરેન્દ્રનગર નિવાસી વિજયભાઈ બી. જોષીની ભાણી ચિ. નિકીતા ધો. ૧૨ સાયન્સમાં ૮૨% સાથે ઉત્તિર્ણ થયેલ છે. અને એમબીબીએસમાં પાટણ યુનિવર્સિટીમાં એડમીશન મેળવેલ છે. જેને રૂા. ૫૦૦૦/- નું યોગદાન શ્રી સૂર્યકાંતભાઈ પુરોહિત દ્વારા આપવામાં આવેલ.

## અભિનંદન

★ ઉપલેટા : શ્રી મનસુખલાલ સી. ઉપાધ્યાયના પૌત્ર ચિતાંશુ રાજેશકુમાર ઉપાધ્યાય એમ.એસસી. (કેમેસ્ટ્રી)માં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ફર્સ્ટ કલાસમાં ઉત્તિર્ણ થયેલ છે.



★ અમદાવાદ : નીવ નરેન્દ્રભાઈ મહેતાએ એમ.એસ. યુનિવર્સિટીમાંથી એમ.બી.બી.એસ. ની ડીગ્રી મેળવેલ છે. અભિનંદન.

## સરનામું નોંધી લેશો

★ બાલમુકુંદ ડી. આચાર્ય, ૭૦૫, ઈલાઈટ-૩૨, સમર્થ સોસાયટી સામે, વિવેકાનંદ ચોક પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.

★ પ્રવિણચંદ્ર દેવશંકર પુરોહિત, બી/૫/૧૦૨, શ્રીફળ એપાર્ટમેન્ટ, શુકન ગોલ્ડની સામે, વંદેમાતરમ્ રોડ, ગોતા, અમદાવાદ-૩૮૨૪૮૧. મો. ૭૮૭૮૦૯૮૨૦૧

★ ભરત પરમાનંદ પાઠક। નયનાબેન ભરતભાઈ પાઠક મો. ૯૮૨૪૦૪૬૫૬૩। મો.૯૬૮૭૧૪૨૦૦૬ લેન્ડલાઈન નંબર ૨૭૯૧૩૩૪૯ રદ કરેલ છે.

★ Bhavin Suryakant Purohit
21, FairHolme, Crescent,
HAYES, UK UBH 8QS, UK

## મોક્ષ પ્રયાણ

★ બદલપુર : હાલ અમદાવાદ, આદીનાથનગર રહેતા ભીખાભાઈ મણીલાલ ઠાકરનું તા. ૮-૧૦-૧૭ના રોજ અવસાન થયેલ છે. તેઓશ્રી ગોપાલભાઈ, મહેશભાઈ તથા પ્રજ્ઞાબેન કમલેશકુમાર વ્યાસના પિતાશ્રી થાય.

★ રાધનપુર : સવિતાબેન ચીમનલાલ વ્યાસનું તા. ૧૩-૧૦-૧૭, આસો વદ ૯, શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેઓશ્રી રમેશભાઈ, હસમુખભાઈ તથા પ્રવિણભાઈના માતુશ્રી થાય.

★ અમદાવાદ : મુળ ધંધુકા હાલ અમદાવાદ, ઘાટલોડીયા રહેતા જનકભાઈ ગાયત્રીપ્રસાદ આચાર્યનું ટુંકી માંદગી દરમ્યાન તા. ૨૮-૧૦-૧૭ના રોજ અવસાન થયું છે. તેઓશ્રી મહામંડળના કાર્યાલયમંત્રી કૌશિકભાઈના માસીયાઈ ભાઈ થાય છે.

★ રાજકોટ : મૂળ વતન ખેરડીના હિતેન્દ્ર ધીરજલાલ વ્યાસનું તા. ૨૧-૧૦-૧૭ના રોજ અવસાન થયેલ છે. તેઓશ્રી વલ્લભીપુર, વાઘેશ્વરીમાતાના મંદિરના પૂજારી શ્રી જનકભાઈ વ્યાસના મોટાભાઈ થાય છે.

RNI NO. 14974/57 R.NO.GAMC-56/2015-2017

Permitted to post at Ahd PSO on 5th of every month • Valid up to 31 Dec. 2017

## શ્રી વાઘેશ્વરી હવનનો અહેવાલ

શ્રી વાઘેશ્વરી માતાના હવનનું આયોજન આસો વદ આઠમ, ગુરુવાર, તા. ૧૨-૧૦-૨૦૧૭ના રોજ કરવામાં આવેલ. આ હવનમાં મુખ્ય યજમાન તરીકે શ્રી કિરીટભાઈ નાનાલાલ વ્યાસ (વડોદરા) એ મુખ્ય યજમાન પદ માટે રૂા. ૫૧૦૦૦/- નોંધાવેલ, તથા સહયજમાન તરીકે (૧) શ્રી જયકૃષ્ણ હરગોવિંદદાસ અધ્વર્યુ, અમદાવાદ અને (૨) શ્રી ભાવનાબેન કૌશિકભાઈ પંડ્યા, વડોદરા, બંનેએ રૂા. ૧૦૦૦૦/- નોંધાવી યજ્ઞમાં બેસવાનો લાભ લીધેલ. સવારે ૮.૦૦ કલાકે શ્રી વાઘેશ્વરી માતાજીના હવનની શરુઆત થતાં વાતાવરણ પવિત્ર બની ગયું હતું.

જ્ઞાતિના શુકલશ્રી યોગેશભાઈ શુકલએ બહુ જ સરસ શાસ્ત્રોકત વિધી દ્વારા હવન કરાવેલ. હવનમાં હાજરી આપવા તથા શ્રી વાઘેશ્વરી માતાના દર્શન કરવા દૂર દૂર થી સહપરિવાર જ્ઞાતિજનો સવારથી જ મોટી સંખ્યામાં આવવા લાગ્યા હતા. સવારે ચા-કોફી તથા પાપડી-ગાંઠીયાના નાસ્તાની સુંદર વ્યવસ્થા હતી. બપોરે ૧૨.૪૫ કલાકે શ્રી વાઘેશ્વરી માતાના હવનનું બીડું હોમવામાં આવેલ. આ યજ્ઞમાં હાજરી આપવા કારોબારી સભ્યશ્રીઓ મોટી સંખ્યામાં હાજરી આપેલ. તથા શ્રી વાઘેશ્વરી માતાના હવનમાં હાજર રહેલ મહાનુભાવોમાં માજી પ્રમુખોમાં શ્રી મગનભાઈ આર. ઉપાધ્યાય, શ્રી ભાઈલાલભાઈ ભટ્ટ, તથા શ્રી બાલમુકુંદભાઈ ડી. આચાર્યએ હાજરી આપેલ. તથા મહામંડળના પ્રમુખશ્રી જશવંતભાઈ વ્યાસ, ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ બી. મહેતા, મંત્રીશ્રી ભાર્ગવભાઈ જોષી, તંત્રીશ્રી નરહરીપ્રસાદ વ્યાસ, સહતંત્રીશ્રી સંદીપકુમાર આર.જોષી, શ્રી કમલેશભાઈ કે. જોષી, શ્રી જયેશભાઈ કે. ઉપાધ્યાય, ટ્રસ્ટી શ્રી દિલીપકુમાર કે. જોષી અને શ્રી રજનીકાંત આર. પંડ્યા, કાર્યાલય મંત્રીશ્રી કૌશિકભાઈ આચાર્ય, સહખજાનચી શ્રી જયપ્રકાશભાઈ બી. શુકલ, ભૂ.પૂ. મંત્રીશ્રી કિરીટભાઈ ઉપાધ્યાય શ્રી વાઘેશ્વરી માતાના હવનમાં હાજર હતા. શ્રી વાઘેશ્વરી માતાના હવનનું સુંદર અને સફળ બનાવવાનું આયોજન કારોબારીના સહુ સભ્યશ્રીઓએ સાથે મળીને કરેલ. આશરે ૩૫૦ થી ૪૦૦ જ્ઞાતિજનોએ એકબીજાને મળવાનો તથા શ્રી વાઘેશ્વરી માતાના હવનના દર્શનનો લાભ લીધેલ. શ્રી વાઘેશ્વરી માતાનો હવન પુરો થતાં પ્રસાદી (ભોજન) લઈ સર્વે જ્ઞાતિજનો પોતાના ઘરે જવા રવાના થયા હતા.

- ભાર્ગવ જનાર્દન જોષી, મંત્રી, વાલમ બ્રાહ્મણ મહામંડળ

વા.વર્તમાન પ્રકાશન સમિતિની મીટીંગ ૧૯-૧૧-૨૦૧૭, રવિવાર ના રોજ બપોરે ૪ વાગે તથા હોદ્દેદારોની મિટીંગ બપોરે ૩ વાગે રાખેલ છે.

**તંત્રી-મુદ્રક-પ્રકાશક :** શ્રી નરહરિપ્રસાદ ત્રિભુવનદાસ વ્યાસ, ૧૬, જગદીશ સોસાયટી, સી.ટી.એમ., રામોલ રોડ, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬. મો. ૯૪૨૭૬૧૪૦૦૫ E-mail : ntvyas41@yahoo.in

**નાણાંકીય વ્યવહાર :** ખજાનચી, શ્રી કૃષ્ણકાંત ચીમનલાલ ઉપાધ્યાય, ૨, છગનલાલ આર્ય પાર્ક, ન્યુ મંગલમ સોસાયટી પાસે, ૧૩૨' રીંગ રોડ, ઘોડાસર, અમદાવાદ-૩૮૦૦૫૦. મો. ૯૯૨૫૨૭૫૧૨૬ ફોન : ૦૭૯-૨૫૩૨૨૫૦૬

**મંત્રી :** ભાર્ગવભાઈ જનાર્દન જોષી, પ્લોટ નં. ૨૨૦/૪, આનંદ વાટીકા સોસાયટી, સેકટર ૨૨, ગાંધીનગર-૩૮૨૦૨૨. ફોન : ૦૭૯-૨૩૨૨૮૩૬૧, મો. ૯૪૨૬૩૬૭૦૧૯. E-mail : db_investment@yahoo.co.in

**માલિક :** શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, 'કૃષ્ણનિવાસ', સી/૮, પ્રાર્થના ફ્લેટ, અંકુર સ્કૂલ સામેના ખાંચામાં, ફતેહનગર, પાલડી, અમદાવાદ-૭. (પત્રવ્યવહારનું સરનામું).મો. ૯૪૨૭૦૬૪૯૮૫

મુદ્રણ સ્થાન : ફર્સ્ટ આઈકોન પ્રિન્ટર્સ, ૪૧૩/૮, અલકા શોપિંગ સેન્ટર, શાહેઆલમ ટોલનાકા, અમદાવાદ-૨૨.

**ખાસ નોંધ :** મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી મેટરો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - **તંત્રી**